## અમદાવાદમાં બેફામ BMW કાર બસ સ્ટેન્ડમાં ઘૂસી

અમદાવાદ : અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં આજે પૂરપાટ ઝડપે દોડતી BMW કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા એક રીક્ષાને જોરદાર ટક્કર મારી કાર રસ્તાના બાજુમાં આવેલા AMTS બસ સ્ટેન્ડમાં ઘુસી ગઈ હતી. આ અંગે મળતી માહિતી મુજબ શહેરના નિકોલ વિસ્તારમાં એક બીએમડબલ્યુ કારનો ચાલક પુરઝડપે પસાર થઈ રહ્યો હતો, ત્યારે ભક્તિનગર પાસે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા રીક્ષાને ટક્કર મારી કાર બાજુના એએમટીએસ સ્ટેન્ડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતનો ધડાકો એટલો જોરદાર હતો કે આસપાસના લોકો દોડી આવ્યા અને સ્થળ પર ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનામાં બસ સ્ટેન્ડના પતરાં અને લોખંડના એન્ગલોમાં ભારે નુકસાન થયું છે. **(તસવીર : જનક પટેલ, અમદાવાદ)**

# મધપૂડાઓને લીધે ગબ્બરની રોપ વે સેવા બે દિવસ બંધ

**22** અને 23 એપ્રિલે અંબાજીમાં મધપૂડા ઉતારવાની કામગીરી હાથ ધરાશે

**યાત્રાળું** પર મધમાખીઓ હુમલો કરે તેવી ભીતિ છે

ગાંધીનગર : બનાસકાંઠા જિલ્લામાં આવેલા પ્રખ્યાત તીર્થધામ અંબાજી મંદિર ખાતે આગામી 22 એપ્રિલ અને 23 એપ્રિલ 2026ના રોજ ગબ્બર પર્વત પર દર્શન તેમજ રોપ-વે સેવા સંપૂર્ણપણે બંધ રહેશે.

આ અંગે મંદિરના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ઉનાળાની આકરી ગરમીને કારણે ગબ્બર પર્વતના પથ્થરો તથા રોપ-વે ટાવર આસપાસ મોટા પ્રમાણમાં મધપૂડાઓ રચાઈ ગયા છે. આવા સંજોગોમાં મધમાખીઓ અચાનક ઉડીને યાત્રાળુઓ પર હુમલો કરવાની ભીતિ રહે છે. ભૂતકાળમાં પણ આવી ઘટનાઓ નોંધાઈ ચૂકી છે, જેના કારણે યાત્રાળુઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, યાત્રાળુઓના જીવને કોઈપણ પ્રકારનું જોખમ ન રહે તે માટે આ બે દિવસ દરમિયાન વિશેષ ટીમ દ્વારા ગબ્બર પર્વત પરથી મધપૂડાઓ ઉતારવાની અને મધમાખીઓને દૂર કરવાની કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવશે.

વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ તારીખોમાં ગબ્બર પર્વત પર જવાનું ટાળે અને સહકાર આપે, જેથી કામગીરી સરળતાથી પૂર્ણ કરી શકાય અને ભવિષ્યમાં સુરક્ષિત રીતે દર્શન સુલભ બની રહે.

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી ઝાપટાંની આગાહી

**રાજકોટ** અને વલ્લભ વિદ્યાનગરમાં તાપમાન 41 ડિગ્રી નોંધાયું

**24થી** 26 એપ્રિલે દરિયા કાંઠાના વિસ્તારોમાં બફારો અનુભવાશે

ગાંધીનગર : ગુજરાતમાં ઉનાળાની ગરમી યથાવત્ રહેતાં આગામી દિવસોમાં તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી, જો કે આજે ગરમીનો પારો રાજ્યમાં 41 ડિગ્રીએ પહોચી ગયો હતો. જ્યારે કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાંનું એલર્ટ પણ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યના અનેક શહેરોમાં ઊંચું મહત્તમ તાપમાન નોંધાયું છે. જેમાં રાજકોટ અને વલ્લભ વિદ્યાનગરમાં સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ઉપરાંત અમદાવાદ અને વડોદરામાં 40 ડિગ્રી, જ્યારે ગાંધીનગર, સુરેન્દ્રનગર, ડીસા, કેશોદ અને સુરતમાં 39 ડિગ્રી સુધી તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં ભુજમાં 39 ડિગ્રી, કંડલા વિસ્તારમાં 35 થી 37 ડિગ્રી અને પોરબંદરમાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન પરિસ્થિતિ અંગે જણાવાયું છે કે જમ્મુ અને કાશ્મીર વિસ્તારમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત છે, જ્યારે દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન વિસ્તારમાં પણ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જેના કારણે હવામાનમાં સ્થિરતા જોવા મળી રહી છે.

આગામી 4 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી, ત્યારબાદ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં 24 થી 26 એપ્રિલ દરમિયાન ગરમ અને ભેજવાળું હવામાન રહેતાં લોકોને અસ્વસ્થતા અનુભવાય તેવી શક્યતા છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આગાહી મુજબ આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન 41 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે.આ સાથે જ 21 એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં તેમજ દમણ અને દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા છે.

ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદી માહોલ સર્જાઈ શકે છે.એકંદરે, રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેતા સાથે કેટલાક વિસ્તારોમાં પ્રી-મોન્સૂન પ્રકારના વરસાદી ઝાપટાં જોવા મળી શકે છે.

# 2023ના અનામત બિલને તાત્કાલિક લાગુ કરો : મુકુલ વાસનિક

**મહિલા** અનામત બિલમાં SC, ST અને OBC વર્ગને પણ યોગ્ય અનામત આપવામાં આવે

અમદાવાદ : મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે કોંગ્રેસ સતત સમર્થન આપતી આવી છે. પરંતુ મહિલા અનામત બિલના નામે રાજકીય ફાયદો મેળવવાનો પ્રયાસ અને તેનો અમલ ટાળવાની નીતિ સામે કોંગ્રેસે સ્પષ્ટ માગણી કરી છે કે 2023માં પસાર થયેલા બિલને તાત્કાલિક અમલ કરવામાં આવે અને તેમાં SC, ST અને OBC વર્ગની મહિલાઓને પણ યોગ્ય અનામત આપવામાં આવે, તેવું સાંસદ મુકુલ વાસનિકજીએ જણાવ્યું હતું.

મહિલાઓના સશક્તિકરણ માટેનો સાચો ઐતિહાસિક અને પ્રગતિશીલ પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. સરોજીની નાયડુને 1925માં કોંગ્રેસના અધ્યક્ષ બનાવવાથી લઈને રાજીવ ગાંધીજીના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામતની શરૂઆત કરવી, તેમજ બાદમાં અનેક રાજ્યોમાં તેને 50 ટકા સુધી વધારવામાં કોંગ્રેસની વિચારધારા અને પ્રતિબદ્ધતા સ્પષ્ટ થાય છે.

વડોદરામાં પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે,એક તરફ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો માહોલ છે અને બીજી તરફ દેશની સામાન્ય પ્રજા મોંઘવારી, બેરોજગારી અને આર્થિક મુશ્કેલીઓથી ત્રસ્ત બની ગઈ છે. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભાજપ સરકાર દરેક મોરચે નિષ્ફળ સાબિત થઈ છે. રૂપિયો નબળો પડી રહ્યો છે, વિદેશ નીતિ અસરકારક રહી નથી અને સામાન્ય લોકો માટે જીવન ચલાવવું મુશ્કેલ બન્યું છે. આવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે સરકાર મૂળ પ્રશ્નોનો ઉકેલ લાવવા બદલે મહિલા અનામત બિલના નામે રાજકીય લાભ લેવા અને દેશનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે. 2023માં પાર્લામેન્ટમાં પસાર થયેલ મહિલા અનામત બિલનો તાત્કાલિક અમલ થવો જોઈએ. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષો મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટે એકજૂટ છે. પરંતુ ભાજપ સરકારે સીમાંકન અને સીટ વધારાના રાજકીય એજન્ડા સાથે આ મહત્વપૂર્ણ મુદ્દાને ગૂંચવવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટપણે માંગ કરે છે કે SC, ST અને OBC વર્ગની મહિલાઓને પણ યોગ્ય અનામત મળે અને મહિલાઓને તેમના અધિકાર, સન્માન અને સમાન ભાગીદારી મળવા માટે કોંગ્રેસની લડત પહેલા પણ હતી, આજે પણ છે અને આવનારા સમયમાં વધુ મજબૂતીથી ચાલુ રહેશે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦% મહિલા અનામત રાજીવ ગાંધીના લીધે છે : શક્તિસિંહ

અમદાવાદ : સંસદ અને ધારાસભામાં મહિલાઓને અનામત માટે ૨૦૨૩માં સર્વસંમતિથી કાયદો પસાર થઈ ગયો હોવા છતાં મહિલાઓને અન્યાય કરવા માટે જ ભાજપ પ્રજાના પૈસાનો ભયંકર વ્યય થાય તેવું સંસદ અને ધારાસભામાં બિલ મહિલા અનામતની આડમાં લાવેલ. જે કાવતરું નિષ્ફળ ગયું છે. મહિલા અનામતનો કાયદો પસાર થઈ ગયો છે. તાત્કાલિક તેને સરકાર લાગુ કરે. આ માટે જો કોઈપણ સુધારાની જરૂર હોય તો સરકાર સંસદ બોલાવે અને તમામ વિરોધ પક્ષ તેને સાથ આપશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦% બહેનો માટે અનામત મળી છે, તે સ્વ. રાજીવ ગાંધી અને કોંગ્રેસના કારણે છે, તેવું સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતુ.

# 8 બાળકોને ઉપાડી લઈ જુદાં જુદાં રાજ્યોમાં વેચી દીધાં

**બનાસકાંઠામાં** બાળ તસ્કરી નેટવર્કનો સૂત્રધાર ઝડપાયો

અમદાવાદ : બનાસકાંઠાઃ જિલ્લામાં પોલીસે ચાર રાજ્યોમાં ફેલાયેલા મોટા બાળ તસ્કરી નેટવર્કનો પર્દાફાશ કરી પોલીસે મુખ્ય સૂત્રધાર મુર્ગન સહિત તેના બે સાગરીતોની ધરપકડ કરી છે.આ અંગે મળતી માહિતી મુજબ બાળ તસ્કરી નેટવર્ક તેલંગાણા સહિત અન્ય રાજ્યો સુધી ફેલાયેલું હતું. AI આધારિત ટેકનોલોજી દ્વારા સંદિગ્ધોની હિલચાલ અને કનેક્શન ટ્રેક કરવામાં આવતા આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મળી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી મુર્ગન અને તેની પત્ની અગાઉ પણ બાળ તસ્કરીના ગુનાઓમાં સંડોવાયેલા છે અને તેમના વિરુદ્ધ અગાઉ કેસો નોંધાયેલા છે. પૂછપરછ દરમિયાન આ ગેંગ દ્વારા ચોકાવનારી કબૂલાત કરી હતી કે અત્યાર સુધીમાં 8 જેટલા માસૂમ બાળકોને જુદા જુદા રાજ્યોમાં વેચવામાં આવ્યા છે. પોલીસ હવે આ બાળકોને ક્યાંથી અપહરણ કરવામાં આવ્યા હતા અને કોને વેચવામાં આવ્યા હતા તે અંગે વિગતવાર તપાસ કરી રહી છે. સાથે જ, આ રેકેટમાં હજુ પણ 4 થી 5 જેટલા અન્ય શખ્સોની સંડોવણી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ આરોપીની ધરપકડના પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

# વલસાડ, ઉધના અને સાબરમતીથી દુર્ગાપુર માટે સ્પેશિયલ ટ્રેન

**ઉનાળુ** વેકેશનમાં મુસાફરોનો ધસારો જોતા રેલવેનો મોટો નિર્ણય

સુરત : ઉનાળાના વેકેશન દરમિયાન રેલવેમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે, જેને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે વિભાગ દ્વારા વલસાડ-દુર્ગાપુર, ઉધના-દુર્ગાપુર અને સાબરમતી-દુર્ગાપુર વચ્ચે સ્પેશિયલ ભાડા સાથે 'ટ્રેન ઓન ડિમાન્ડ' (TOD) દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેનો સંપૂર્ણપણે ઈલેક્ટ્રીક ટ્રેક્શન પર ચલાવવામાં આવશે.રેલવે દ્વારા તમામ સ્ટેશન માસ્તરોને આ ટ્રેનોની સમયસારણી નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવા અને સતત એનાઉન્સમેન્ટ કરવા સૂચના આપવામાં આવી છે.

### 1 વલસાડ-દુર્ગાપુર

આ ટ્રેન વલસાડ થી તારીખ 25 એપ્રિલ 2026ના રોજ બપોરે 12:50 કલાકે ઉપડશે અને 27 એપ્રિલના રોજ વહેલી સવારે 04:20 કલાકે દુર્ગાપુર પહોંચશે. પરતમાં દુર્ગાપુરથી આ ટ્રેન 27 એપ્રિલના રોજ સવારે 07:00 કલાકે ઉપડીને બીજા દિવસે એટલે કે 28 એપ્રિલે સાંજે 17:30 કલાકે વલસાડ પરત ફરશે. આ ટ્રેન ભેતાણ, નંદુરબાર, ભુસાવળ, જબલપુર અને ગયા જેવા મુખ્ય સ્ટેશનો પર ઉભી રહેશે.

### 2 ઉધના-દુર્ગાપુર-ઉધના સ્પેશિયલ

સુરત વિસ્તારના મુસાફરોની સુવિધા માટે ઉધનાથી દુર્ગાપુર વચ્ચે બે ટ્રીપનું આયોજન કરાયું છે. ટ્રેન નંબર 09175 ઉધનાથી તારીખ 26 અને 27 એપ્રિલના રોજ સવારે 08:35 કલાકે ઉપડશે. જ્યારે સામે પક્ષે ટ્રેન નંબર 09176 દુર્ગાપુરથી 27 અને 28 એપ્રિલના રોજ રાત્રે 23:50 કલાકે ઉપડશે. આ ટ્રેનમાં 17 એલએચબી કોચ હશે, જેમાં જનરલ અને સ્લીપર કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે.

### 3 સાબરમતી-દુર્ગાપુર-સાબરમતી સ્પેશિયલ

અમદાવાદના સાબરમતી સ્ટેશનથી તારીખ 24 એપ્રિલના રોજ સાંજે 18:25 કલાકે આ ટ્રેન ઉપડશે, જે મહેસાણા, પાલનપુર, આબુ રોડ, જયપુર અને કાનપુર થઈને 26 એપ્રિલે સવારે 09:15 કલાકે દુર્ગાપુર પહોંચશે.

## ધંધુકાના ચકચારી યુવક હત્યા કેસમાં આરોપીઓના બે દિવસનાં રિમાન્ડ મંજૂર

અમદાવાદ : અમદાવાદ જિલ્લાના ધંધુકામાં 18 એપ્રિલના રોજ સામાન્ય બાબતમાં યુવકની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ અથડામણ થઈ હતી. આ હત્યા કેસમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી આજે તેમને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ધંધુકામાં 18મી એપ્રિલના શનિવારના રોજ બાઈક ઓવરટેક કરવા જેવી નજીક બાબતમાં યુવકની હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે આરોપી રિઝવાન અને સમીરની ધરપકડ કરી હતી. આ બંનેને આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કરી કરી રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. તમામ પક્ષોની દલીલો બાદ કોર્ટે બંને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## રિક્ષામાં પેસેન્જરોની રોકડ સેરવી લેતી ગેંગનો સાગરીત ઝડપાયો

સુરતઃ એસઓજીની ટીમે રિક્ષામાં પેસેન્જર બેસાડી ચોરી કરતાં અને લાંબા સમયથી નાસતાફરતા એક રીઢા આરોપીને બાતમીના આધારે ભેસ્તાન વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીએ ખટોદરા પોલીસમથકની હદમાં બનેલી બે ચોરીની કબૂલાત કરી છે. એસઓજી પોલીસે બાતમીના આધારે ભેસ્તાન આવાસ ગેટ નં-૧ પાસેથી અસ્લમુદ્દીન ઉર્ફે મનુ ઉર્ફે બડામનુ રફીકુદ્દીન કાઝી (ઉં.વ.૩૨, ધંધો-વેલ્ડિંગ, રહે., બી/૧ રૂમ નં-૧૪ એસ.એમ.સી.આવાસ, ભેસ્તા,) ને દબોચી લીધો હતો. બે મહિના અગાઉ તેણે તેના સાગરીતો સાથે મળી સહારા દરવાજા પાસેથી એક પેસેન્જરને રિક્ષામાં બેસાડ્યો હતો અને તેની નજર ચૂકવી રૂ.૧૫,૦૦૦ ની રોકડની ચોરી કરી હતી. આ ઉપરાંત, માત્ર દસ દિવસ પહેલાં જ ભટાર ચાર રસ્તા પાસેથી એક મુસાફરને નિશાન બનાવી તેની પાસેથી રૂ.૧૨,૦૦૦ સેરવી લીધા હતા.

# ભાવનગરનો ડેપ્યુટી રિજનલ ફાયર ઓફિસર ૫ લાખની લાંચમાં ઝડપાયો

**સરકારી** શાળાઓના ફાયર સર્ટિફિકેટ માટે લાંચ માંગી હતી

**2 લાખ** લેતા વચેટિયાને પણ પકડી લેવાયો

ગાંધીનગર : ભાવનગર રીજીયનમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીના પ્લાન અને સર્ટીફિકેટ એપ્રુવલ આપવાના બહાને ૫ લાખની લાંચ માંગનાર ડેપ્યુટી રીઝનલ ફાયર ઓફિસર અને લાંચના નાણાં સ્વીકારનાર એક ખાનગી વ્યક્તિને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધા છે.

ઝડપાયેલા આરોપીઓમાં ૧. મહેશકુમાર અમૃતભાઈ પટેલ - ડેપ્યુટી રીઝનલ ફાયર ઓફિસર (વર્ગ-૨), સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ, ભાવનગર રીજીયન અને ૨. પ્રકાશ ગીરીશભાઈ ચૌહાણ (ખાનગી વ્યક્તિ) - રહે. આનંદનગર, ભાવનગરનો સમાવેશ થાય છે. આ કેસની વિગત મુજબ, ફરિયાદીએ ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકાઓની ૭૯ જેટલી સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો ઇન્સ્ટોલ કરવાનો પેટા કોન્ટ્રાક્ટ લીધો હતો. આ કામગીરી પૂર્ણ થયા બાદ, શાળાઓ માટે 'ફાયર સેફ્ટી પ્લાન એપ્રુવલ' અને 'ફાયર સેફ્ટી સર્ટીફિકેટ એપ્રુવલ' મેળવવા માટે ફરિયાદીએ ઓનલાઈન અરજીઓ કરી હતી.

આ મંજૂર થયેલી અને બાકી રહેલી અરજીઓના વ્યવહાર પેટે આરોપી ડેપ્યુટી રીઝનલ ફાયર ઓફિસર મહેશકુમાર પટેલે રૂપિયા ૫,૦૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. જે પૈકી રૂપિયા ૫૦,૦૦૦ અગાઉ આરોપી નં. ૨ પ્રકાશ ચૌહાણ મારફતે સ્વીકારી લેવામાં આવ્યા હતા. બાકીના રૂા. ૪,૫૦,૦૦૦ માંથી રૂા. ૨,૦૦,૦૦૦ આપવાનો આજે વાયદો કરવામાં આવ્યો હતો.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે આજે તા. ૨૦/૦૪/૨૦૨૬ના રોજ ભાવનગરની સર ટી. હોસ્પિટલના ગેટ નંબર-૨ પાસે, એસ.બી.આઇ. એટીએમની સામે જાહેર રોડ પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ ટ્રેપ દરમિયાન, વચેટિયા પ્રકાશ ચૌહાણે ફરિયાદી સાથે લાંચ અંગે હેતુલક્ષી વાતચીત કરી અને રૂા. ૨,૦૦,૦૦૦ ની લાંચ સ્વીકારતા જ એસીબીએ તેને સ્થળ પર દબોચી લીધો હતો. ત્યારબાદ મુખ્ય આરોપી મહેશકુમાર પટેલ પણ તેમની કચેરી ખાતેથી મળી આવતા બંનેની ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં રહીને સરકારી હોદ્દાનો દુરુપયોગ કરી ગુનાહિત ગેરવર્તણૂક કરી છે.

એસીબીએ લાંચના ૨ લાખ રૂપિયા રિકવર કરીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીને પગલે સરકારી વિભાગોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## સુડોકુ - 'ક્રૂટ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૮ | ૫ | ૬ | ૩ |
| ૩ | ૬ | | ૫ | | ૪ | ૧ | ૨ | |
| | | | ૨ | ૬ | ૩ | ૪ | ૮ | |
| | | | ૩ | | ૧ | | ૫ | |
| | ૩ | ૫ | | | | ૯ | | ૮ |
| ૧ | | ૯ | ૪ | ૮ | | | | |
| | ૪ | | ૧ | ૩ | | | | |
| ૯ | | | | ૫ | ૨ | | ૪ | ૬ |
| ૨ | ૫ | | | | ૯ | | ૭ | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૨ | ૩ | ૧ | ૬ | ૬ | ૫ | ૯ |
| ૬ | ૧ | ૬ | ૯ | ૫ | ૨ | ૩ | ૬ | ૩ |
| ૫ | ૩ | ૯ | ૬ | ૭ | ૧ | ૨ | ૪ | ૮ |
| ૯ | ૬ | ૩ | ૬ | ૨ | ૭ | ૫ | ૧ | ૬ |
| ૨ | ૬ | ૩ | ૬ | ૯ | ૬ | ૧ | ૬ | ૪ |
| ૧ | ૫ | ૭ | ૩ | ૬ | ૪ | ૬ | ૨ | ૭ |
| ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૬ | ૪ | ૬ | ૫ |
| ૩ | ૯ | ૬ | ૧ | ૬ | ૭ | ૬ | ૩ | ૨ |
| ૬ | ૪ | ૫ | ૭ | ૨ | ૩ | ૧ | ૭ | ૬ |

૨૦૫૬-ક્રૂટ ક્રૈડ્રિ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### પ્રલંબ જાતીય સંબંધ

સ્તંભન માટે વખાણેલું છે. અશ્વગંધા અને વિદારી કંદના ચૂર્ણ સરખા ભાગે ભેળવી લો. રોજ એક એક ચમચી ચૂર્ણ સવાર સાંજ દૂધ સાથે લેવું.

## શબ્દગુંફન - ૭૨૦૦

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. તાકાત (૩)
૩. વહાણવટી, સુકાની (૩)
૫. તાકાત, જોર (૨)
૬. મજબુતાઈ (૩)
૮. મોર (૩)
૯. છૂટું (૨)
૧૦. શરીર, દેહ (૨)
૧૧. દાન આપનાર (૨)
૧૨. મારપીટ (૪)
૧૪. તાબે, આધીન (૨)
૧૫. આંખની કીકી (૩)
૧૭. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૧૯. પ્રિય (૪)
૨૧. બોલ, શબ્દ (૨)
૨૨. જાણીતું (૪)
૨૪. ગાયનના ઠોકનું માપ (૨)
૨૫. વિશ્વાસઘાતી (૪)
૨૮. અવાજ (૨)
૩૦. બેડું (૨)
૩૧. તપસ્યા (૨)
૩૨. શહેર (૩)
૩૩. પરીક્ષા લેનાર (૪)

**ઊભી ચાવી**

૧. એક અટક (૫)
૨. થોડા વાળની સેર (૨)
૩. હોડી (૨)
૪. અરુચિ, અપ્રીતિ (૩)
૫. સંભાળ, ચાકરી (૪)
૭. નાહિમત (૩)
૧૦. કાંઠો, કિનારો (૨)
૧૨. આદર (૨)
૧૩. યુક્તિ, ચતુરાઈ (૩)
૧૪. જંગલ (૨)
૧૬. શોધ, તપાસ (૩)
૧૭. પરમેશ્વર (૨)
૧૮. આદમી (૨)
૧૯. હશે, છો ને (૨)
૨૦. દુષ્ટતા, બુરાશ (૩)
૨૧. લતા (૨)
૨૨. ગીની, છાપ (૩)
૨૩. હુક્કો (૨)
૨૪. ધૂન, મસ્તી (૨)
૨૫. ટોળી, વહાણ (૨)
૨૬. બિલાડી (૩)
૨૭. ક્રોધ (૨)
૨૯. અરણ્ય, જંગલ (૨)



૦૦૨૬ - ક્રૂટ ક્રૈડ્રિ૩૦૪૮

## આજનું પંચાંગ

**તા. 21/04/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1946
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ **તિથિ:** સુદ પાંચમ : 25:21
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 01
**યોગ :** શોભન **કરણ:** બવ
**નક્ષત્ર :** મૃગશીર્ષ 24:00
**રાશિ:** વૃષભ (બ,વ,ઉ) 13:03 પછી મિથુન (ક,છ,ઘ)
**દિવસ :** સામાન્ય શ્રી આદ્ય શંકરાચાર્ય જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:17 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:58
**નવકારસી :** 07:05
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 10મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે 15:00 થી 16:30 સુધી

**મેષ (અ,લ,ઇ):** મોજ-શોખ માર્કેટીંગ, શિક્ષણ, ટ્યુશનને લગતા કામમાં પ્રગતિ થાય આવક વધારવાના રસ્તા મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** પાર્ટી પીકનીક મનોરંજન અને રંગીન મુલાકાતમાં દિવસ પસાર થાય. સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે.
**મિથુન (ક,છ,ઘ,):** નવા ફેરફારથી કામનો બોજ વધે. પ્રવાસમાં વિઘ્નો આવે. અચાનક શુભ સમાચાર મળે.
**કર્ક (ડ,હ,):** જૂના મિત્રો મળે. ઉત્સાહજનક સમાચાર મળે. આવક વધે. શેરબજારના કામમાં પ્રગતિ થાય.
**સિંહ (મ,ટ,):** નોકરીમાં અનુકૂળતા રહે. ધંધામાં આવક વધે. સમાજમાં માન મળે. સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજ વસ્તુઓમાં લાભ.
**કન્યા (પ,ઠ,ણ,):** ઇનામ કે ભેટ મળે. યાત્રા અનુકૂળ રહે. ઇન્ટરવ્યુ માં અને પરીક્ષામાં સફળતા મળે. શુભ સમાચાર મળે.
**તુલા (ર,ત,):** આરોગ્યનો સાથ ઓછો મળે અને કામનો બોજ વધુ રહે. બિનજરૂરી ખર્ચા વધે. જીવનસાથીનો સાથ મળે.
**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં તાલમેળથી પારિવારિક પ્રશ્નો હલ થાય. મન અશાંત રહે. ગુપ્ત ભય સતાવે. કાયદાકીય મદદ મળે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવા કામની શરૂઆત માટે અનુકૂળ સમય રહેશે. નોકરી-ધંધામાં આવક વધે. ગુપ્ત શત્રુઓથી સાવધાન.
**મકર (ખ,જ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. પ્રેમ વિવાહની વાતમાં મદદ મળે. સંતાનોના કામમાં પ્રગતિ થાય.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘર કામમાં સાવધાન રહેવું. બહારનાં કામ સરળ બને. ઘરમાં સુખ સગવડના સાધનો વસાવી શકાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રતિષ્ઠિત લોકોને મળવાથી નવી તક મળે. અટકેલા કામ પાર પડે. પરિવાર-મિત્રોને મદદરૂપ બનશો.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

### કોઈ પણ સાલમાં 21 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાનું અને નવી જવાબદારી અને સ્થાનિક બદલીથી દોડધામ અને અશાંતિ વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. સમાજમાં સામાન્ય રહે. પરિવાર કુટુંબની અપેક્ષાઓ માનસિક અશાંતિ વધારશે. ઉંઘરાણીની ચિંતા રહે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં ચડતી પડતી રહે. આવક વધારવાની યોજનામાં મિત્રો મદદરૂપ બને. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરી અને સરકારી નોકરીમાં ચડતી પડતી રહે. વારસો, જાયદાદ જમીન જેવા કામમા વડીલો મદદરૂપ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ